Date :- 28/08/2025
Sandesh, Page - 14 Surat

### ડાયમંડ અને ટેક્સ્ટાઈલની ઝલક સાથે સાંસ્કૃતિક વારસાને મેટ્રો સ્ટેશનો પર ચીતરાશે

# સુરત મેટ્રો સ્ટેશનનું ભવ્ય ફર્સ્ટલૂક

**| સુરત |**

સુરતીઓને ઝડપી યાતાયાત સુવિધા મળી રહે તે માટે મહત્ત્વપૂર્ણ મેટ્રો ટ્રેનને દોડાવવા માટેની તડામાર તૈયારી ચાલુ છે, ત્યારે મેટ્રોના અંડર ટનલ સ્ટેશન માટે કામ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં સુરતની ઓળખસમં ડાયમંડ અને ટેક્સ્ટાઈલની ઝલક પણ લોકોને ઈન્ટીરિયરમાં જોવા મળશે. તે ઉપરાંત સુરત એક સમયે દરિયાઈ માર્ગે વેપારનું મુખ્ય કેન્દ્ર હતું તે પણ પેઈન્ટિંગ તરીકે સ્ટેશનની દીવાલો પર જોવા મળશે.



સ્માર્ટ સિટી સુરતમાં ઝડપથી વધી રહેલી વસ્તીને ધ્યાને રાખી સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા મેટ્રો પ્રોજેક્ટમાં બન્ને કોરિડોર પર ઝડપથી કામ આગળ વધી રહ્યું અને શરૂઆતમાં ડ્રીમ સિટીથી અલથાણ વચ્ચે ટૂંકા રૂટ પર મેટ્રો દોડાવવામાં આવે તેવી તૈયારીઓ પણ કરવામાં આવી રહી છે. જે માટે ટ્રેક નાખવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. સમગ્ર મેટ્રો પ્રોજેક્ટમાં કાપોદ્રાથી ચોક સુધી આશરે સાત કિલોમીટર સુધીના વિસ્તાર અંડરગ્રાઉન્ડ ટનલમાંથી ટ્રેક પસાર થશે. જે પૈકી ૬.૪૭ કિમી સુધીનું ડાઉન લાઈન ટનલનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. સુરત સ્ટેશનથી ચોકબજાર સુધી ટનલ કરવા માટેનું ટીબીએમ (ટનલ બોરિંગ મશીન) ચોક સ્ટેશન પર એક અઠવાડિયા પહેલા ટનલ કરી બહાર નીકળ્યું હતું. જોકે અપલાઈન ટનલ માટેનું ટીબીએમ હાલ મસ્કતિ હોસ્પિટલની આગળ પહોંચ્યું છે. હવે કેટલાક લોકેશન પર સ્ટેશન બનાવવા અને ટ્રેક લાઈન નાખવાની કામગીરી પણ અમુક સ્થળો પર શરૂ કરવામાં આવી છે.

## મેટ્રો સ્ટેશન પર વહાણવટાના ઇતિહાસની પણ ઝલક

મેટ્રો રૂટ થકી દરરોજે મોટી સંખ્યામાં સંખ્યામાં યાત્રીઓ યાત્રા કરશે ત્યારે સ્ટેશન પર આવનારા યાત્રીઓને દેશ-વિદેશમાં ફેલાયેલા સુરતના હીરાઉદ્યોગ અને ટેક્સ્ટાઇલ ઉદ્યોગની ઝલક જોવા મળે તે રીતે અંદરના ભાગે પેઇન્ટિંગ કરવામાં આવી રહ્યુ છે તેમજ ઇન્ટીરિયર ડિઝાઇનિંગમાં પણ તેનો ખ્યાલ રાખવામાં આવ્યો છે. અન્ય દેશોના લોકો પણ સુરતમાં વેપાર અર્થે આવતા હતા. તેવા સમૃદ્ધ વેપાર ઇતિહાસની ઝલક પણ દરિયાઇ વહાણની પેઇન્ટિંગ થકી લોકો સમજી શકશે.

## અમુક સ્ટેશનો પર કામ ચાલુ કરાયું

મેટ્રો પ્રોજેક્ટમાં સરથાણાથી ડ્રીમ સિટી વચ્ચે કુલ ૨૧.૬૧ કિલોમીટરમાં મેટ્રો ટ્રેન દોડશે. આ રૂટ પર કુલ ૨૦ સ્ટેશન છે. જે પૈકી ચોકબજાર, મસ્કતિ હોસ્પિટલ, સુરત રેલવે સ્ટેશન, સેન્ટ્રલ વેર હાઉસ, લાભેશ્વર ચોક કાપોદ્રા મળી કુલ ૬ અંડર ટનલ સ્ટેશન છે અને ભૂગર્ભ અને ૧૪ વાયડક્ટ સ્ટેશનો છે. હાલ પ્રાયોરિટીના આધારે અંડર ટનલ સ્ટેશનો પૈકી અમુક જગ્યાઓ પર કામ શરૂ કરવામાં આવ્યું છે.